# યુએસ ઓપન: અલ્કારાઝ અને જોકોવિચ વચ્ચે થશે સેમિફાઈનલ મુકાબલો

**ક્વાર્ટર** ફાઈલનમાં અલ્કારાઝે જીરી લેહેકાને જ્યારે જોકોવિચે ટેલર ફ્રિટ્ઝને હરાવ્યો

**જોકોવિચ** રેકોર્ડ 53મા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પહોંચ્યો





ન્યૂયોર્ક, તા. 3 (એપી): સ્પેનના કાર્લોસ અલ્કારાઝે જીરી લેહેકાને 6-4, 6-2, 6-4થી હરાવીને યુએસ ઓપન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો જ્યાં તેનો મુકાબલો 24 વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા નોવાક જોકોવિચ સામે થશે.

બે વર્ષ પહેલાં અહીં પોતાનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યા પછી અલ્કારાઝ પહેલી વાર હાર્ડકોર્ટ પર ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલમાં પહોંચ્યો છે.

જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપન ક્વાર્ટર ફાઈનલમાં તેને હરાવ્યો હતો.

જોકોવિચે ક્વાર્ટર ફાઇનલમાં ટુર્નામેન્ટના છેલ્લા અમેરિકન ખેલાડી ટેલર ફ્રિટ્ઝને હરાવ્યો અને જીત્યા પછી, ફ્રિટ્ઝના ઉત્સાહિત ચાહકો પર ફ્લાઈંગ કિસ વરસાવી હતી.

જોકોવિચે 6-3, 7-5, 3-6, 6-4થી જીત મેળવી. જોકોવિચ રેકોર્ડ 53મા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલમાં પહોંચ્યો છે, જેમાં ફ્લશિંગ મીડોઝ ખાતે તે 14 વખત છેલ્લા ચારમાં પહોંચ્યો છે.

જોકોવિચે કહ્યું, 'છેલ્લે જીત મહત્વની હોય છે. મને ગર્વ છે કે મેં લડાયક રમત દેખાડી. હું બહુ જ ઝુનુનથી રમું છું અને મને રમતમાં મજા આવી રહી છે.'

## સબાલેન્કા અને જેસિકા પેગુલા વચ્ચે થશે સેમિફાઈનલ મુકાબલો

**આ** ગયા વર્ષની ફાઈનલનું પુનરાવર્તન હશે જેમાં સબાલેન્કા જીતી હતી

**પેગુલાએ** ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યા વિના સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો





મંગળવારે રાત્રે ડિફેન્ડિંગ ચેમ્પિયન એરિના સબાલેન્કા એક પણ બોલ ફટકાર્યા વિના યુએસ ઓપનની સેમિફાઇનલમાં પરત ફરી હતી કારણ કે ક્વાર્ટર ફાઇનલમાં તેને જેનો સામનો કરવાનો હતો, તે 2023 વિમ્બલ્ડન ચેમ્પિયન માર્કેટા વોન્ડ્રોસોવા, ઇજાગ્રસ્ત ઘૂંટણને કારણે મેચમાંથી બહાર નીકળી ગઈ હતી. યુએસ ટેનિસ એસોસિએશન અનુસાર, વોન્ડ્રોસોવા પહેલી મહિલા છે જેણે તેની પ્રતિસ્પર્ધીને વોકઓવર આપ્યો હતો. સેમિફાઈલમાં સબાલેન્કાનો મુકાબલો નંબર 4 જેસિકા પેગુલા સામે થશે. આ ગયા વર્ષે યુએસ ઓપનની ફાઈનલ મેચની 'રીમેચ' હશે જેમાં સબાલેન્કા જીતી ગઈ હતી. જેસિકા પેગુલાએ ક્વાર્ટર ફાઈનલમાં બાર્બોરા ક્રેજસિકોવાને 6-3, 6-3થી હરાવીને તેની કારકિર્દીના બીજા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

પેગુલા, સેરેના વિલિયમ્સ (2011થી 2014) પછી પ્રથમ મહિલા ખેલાડી છે જેણે સેટ ગુમાવ્યા વિના યુએસ ઓપનની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

## ક્વાર્ટર ફાઈનલમાં હારતા વિનસનો યુએસ ઓપનનો સફર સમાપ્ત થયો



અન્ય મેચોમાં, બે વર્ષ પછી ગ્રાન્ડ સ્લેમમાં વાપસી કરનારી અમેરિકન જોડી વિનસ વિલિયમ્સ અને લેયલા ફર્નાન્ડીઝ મહિલા ડબલ્સના ક્વાર્ટર ફાઈનલમાં ટોચની ક્રમાંકિત ટેલર ટાઉનસેન્ડ અને કેટેરીના સિનિયાકોવા સામે 1-6, 2-6થી હારી ગઈ હતી.

45 વર્ષીય વિલિયમ્સ અગાઉ સિંગલ્સ અને મિક્ષ્ડ ડબલ્સના પહેલા રાઉન્ડમાં જ હારીને બહાર થઈ ગઈ હતી. જુલાઈમાં વોશિંગ્ટનમાં એક ટુર્નામેન્ટમાં રમવા માટે પાછી ફરી ત્યાં સુધી તે 16 મહિના સુધી ટેનિસ સ્પર્ધાથી બહાર રહી હતી. તેની છેલ્લી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ 2023 યુએસ ઓપન હતી. વિનસે બહેન સેરેના વિલિયમ્સ સાથે મહિલા ડબલ્સમાં 14 ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જતી છે.

## કોહલીએ ફિટનેસ ટેસ્ટ બેંગલુરૂના બદલે લંડનમાં કરાવતા વિવાદ થવાની શક્યતા

**રોહિત**, ગિલ સહિતના અન્ય ભારતીય ખેલાડીઓએ બેંગ્લુરૂમાં ફિટનેસ ટેસ્ટ કરાવ્યો પણ BCCIએ કોહલીને લંડનમાં આ ટેસ્ટ કરાવવાની છુટ આપી



નવી દિલ્હી, તા. 3: મોટાભાગના ભારતીય ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ માટે બેંગલુરુ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડેમી પહોંચ્યા હતા, પરંતુ વિરાટ કોહલી એકમાત્ર સક્રિય ખેલાડી રહ્યો જેણે લંડનમાં ફિટનેસ ટેસ્ટ આપ્યો હતો, જ્યાં તે હાલમાં તેના પરિવાર સાથે રહે છે. એક અહેવાલ મુજબ, કોહલીએ બ્રિટેનમાં ફિટનેસ ટેસ્ટ કરાવવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) પાસેથી ખાસ મંજૂરી માગી હતી, જ્યારે ટીમના મોટાભાગના અન્ય ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ માટે બેંગલુરુ ગયા હતા. કોહલીએ ટેસ્ટ પાસ કર્યો હોવા છતાં, ફરજિયાત ફિટનેસ ટેસ્ટ માટે ખાસ છૂટ મળવાથી વિવાદ ઉભો થવાની શક્યતા છે.

રોહિત શર્મા, શુભમન ગિલ, મોહમ્મદ સિરાજ વગેરે જેવા ખેલાડીઓએ બેંગલુરુમાં પોતાના ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા હોવાનું કહેવાય છે. બીજી તરફ, એક સમાચારપત્રના અહેવાલ મુજબ, કોહલીએ પણ તેમ કર્યું હતું, પરંતુ માન્ય દેખરેખ હેઠળ લંડનમાં.

હાલમાં સક્રિય મોટાભાગના ખેલાડીઓએ પોતાના ફિટનેસ ટેસ્ટ કરાવ્યા છે, પરંતુ ઈજા અથવા અનુપલબ્ધતાને કારણે કેટલાક હજુ પણ બાકી છે.

બીજા તબક્કાના ટેસ્ટમાં કે એલ રાહુલ, આકાશ દીપ, નીતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા અને ઋષભ પંત જેવા ખેલાડીઓનો ટેસ્ટ કરવામાં આવશે.

જ્યારે બીસીસીઆઈના એક અધિકારીને વિરાટના કેસ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ આઈકોનિક ક્રિકેટરે આવી વિનંતી માટે મંજૂરી લીધી હતી. જોકે, રિપોર્ટમાં એ પણ ઉમેરવામાં આવ્યું છે કે હજુ સુધી એ જાણી શકાયું નથી કે આવી છૂટ અન્ય કોઈ ખેલાડીને સમાન ઉકેલ મેળવવા માટે આપી શકાય કે નહીં.

## બેંગ્લુરૂમાં રોહિત, ગિલ અને અન્ય ખેલાડીઓનો બ્રોન્કો ટેસ્ટ કરાયો ન હતો: સૂત્ર

**હજુ** સુધી બ્રોન્કો ટેસ્ટ પસંદગીનો માપદંડ બન્યો નથી

**વર્ષમાં** કરાતા યો-યો અને અન્ય ફરજિયાત ફિટનેસ ટેસ્ટ હંમેશા પસંદગી માટેના માપદંડ બનતા નથી



નવી દિલ્હી, તા. 3: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા વનડે કેપ્ટન રોહિત શર્મા, ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ અને અન્ય ખેલાડીઓ માટે ફરજિયાત ફિટનેસ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે, જ્યારે હાલમાં રજૂ કરાયેલો બ્રોન્કો ટેસ્ટ હજુ સુધી લાગુ કરવામાં આવ્યો નથી. એક અહેવાલ મુજબ, ખેલાડીઓ પાસેથી હાલની સિસ્ટમનો ઉપયોગ કરીને તેમની ફિટનેસ સાબિત કરાવવામાં આવી હતી, જેનો અર્થ એ થયો કે બ્રોન્કો ટેસ્ટના આધારે કોઈનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું, જે નવા સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ, એડ્રિયન લે રોક્સની ભલામણ હતી.

'એશિયા કપ માટે ટીમ દુબઈમાં ભેગી થાય ત્યારે આવું થઈ શકે છે. ટીમ બુધવારની મોડી રાત્રે (4 સપ્ટેમ્બરની વહેલી સવારે) રવાના થશે અને 5 સપ્ટેમ્બરે ICC એકેડેમીમાં તેમનું પહેલું સત્ર યોજાશે. તેથી જો મેનેજમેન્ટ અને સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ બ્રોન્કોનું મૂલ્યાંકન કરવા માંગતા હોય, તો તે દુબઈમાં પણ થઈ શકે છે, જો આ ટેસ્ટ થાય તો', એમ BCCIના એક સૂત્રએ કહ્યું હતું. સમય સમય પર, BCCI ખેલાડીઓની ફિટનેસ માપવા માટે ઉપયોગમાં લેવાતા ટેસ્ટના સેટમાં ફેરફાર કરે છે. જ્યારે BCCI-કોન્ટ્રાક્ટેડ બધા ખેલાડીઓ માટે ફિટનેસ ટેસ્ટ લેવામાં આવે છે અને લગભગ તમામ ખેલાડીઓ માટે વર્ષમાં ત્રણ વખત યો-યો ટેસ્ટ કરાવવાનું હોય છે, ત્યારે ભારતના ભૂતપૂર્વ સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ સોહમ દેસાઈએ ખુલાસો કર્યો કે તે ટેસ્ટ હંમેશા પસંદગીનો માપદંડ બનતા નથી. બ્રોન્કો ટેસ્ટ પસંદગીનો માપદંડ બનશે કે નહીં તે હજુ સુધી જાણી શકાયું નથી.

### સુડોકુ ૬૩૧૩ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | | ૩ | | | |
| | ૯ | ૬ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | |
| ૨ | ૧ | ૩ | ૯ | ૭ | ૪ | | ૮ | ૬ |
| ૫ | | ૧ | | ૩ | | | ૭ | ૮ |
| ૯ | | ૭ | ૧ | ૮ | | | ૨ | ૪ |
| ૮ | ૪ | | ૬ | | | ૧ | ૫ | ૩ |
| ૧ | ૭ | | | ૨ | ૮ | ૪ | | |
| ૬ | | | ૭ | ૪ | ૯ | | ૩ | |
| ૩ | ૨ | | ૫ | ૧ | | | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

**શોથ-સોજા**

શરીર પર વિવિધ સ્થળે સોજા આવી શકે છે. કારણો પણ વિવિધ હોય છે.

કહે છે કે ગોળ નાખેલો આદુનો બે ચમચી રસ દિવસમાં ત્રણ વાર પીવો.

સાથે ગોખરું ચૂર્ણ પાંચ ગ્રામ લેવું.

### શબ્દગુંફન - ૭૦૫૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. શ્રી ગણેશ (૪)
૪. ગરક, મસ્ત, તલ્લીન (૪)
૬. મીઠું (૩)
૯. રસ્તો, વાટ (૩)
૧૧. ચમત્કારવાળું, નવાઈવાળું (૪)
૧૨. વિદાયગીરી (૪)
૧૫. બાણ, કાંઠો (૨)
૧૭. રાતની ચોકી માટે ફરવું તે (૨)
૧૯. માતાની બહેન (૨)
૨૦. ગૃહ, મકાન (૨)
૨૩. એકને પા (૨)
૨૪. હવા, વાયુ (૩)
૨૭. ટોકવું તે, ઈશારો (૩)
૨૯. ગગનમાં જનારું (૫)
૩૧. કેફ, ખુમારી (૨)
૩૨. યોગ્ય કિંમત કરનાર (૫)
૩૩. પુષ્કળ, ઘણું (૪)

**ઊભી ચાવી**

૨. ઘટ, ખોટ (૨)
૩. દેહ, શરીર (૨)
૪. બારણા પર નાખવાનો પડદો (૨)
૫. મુગટમાં જડેલો મણિ (૪)
૭. ઘર, ગૃહ (૩)
૮. ગૌરવશાળી, મહાન (૪)
૯. જાણકારી (૩)
૧૦. હળ કે ઝાડનાં થડનો ગર્ભ (૨)
૧૩. પવન (૨)
૧૪. દેવા પેટે આડમાં મૂકેલું (૨)
૧૬. ઉતાવળનો ગભરાટ (૪)
૧૮. પુરુષ (૨)
૧૯. આદર, સન્માન (૨)
૨૧. અવાજ, ધ્વનિ (૨)
૨૨. દબાવીને કે ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૨૪. પારકુ, અન્ય (૨)
૨૫. રોકડું (૩)
૨૬. નામવાળું, નામીચું (૨)
૨૮. બખોલ (૩)
30. લાગ, અનુકૂળ વખત (૨)
૩૧. ઇચ્છા, મરજી (૨)

### આજનું પંચાંગ

**તા. 04/09/2025, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** ભાદરવો
**તિથિ:** બારસ: 28:09
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો - 13
**યોગ :** સૌભાગ્ય **કરણ:** બવ
**નક્ષત્ર :** ઊ.ષા. 23:44
**રાશિ:** મકર (ખ,જ)
**દિવસ :** શુભ, -વામન જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:51
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1395, ફરવરદીન માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રબીઉલ અવલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** આવક વધારવાની તક મળે. ઊપરી વર્ગનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે. શુભ સમાચાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** લાંબી મુસાફરીની યોજના બને. નોકરી માટેની યાત્રા સફળ રહે. પ્રમોશનની શક્યતા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** સરકારી નોકરીયાતે સાવધાની રાખવી. કોર્ટ, કચેરીમાં સાવધાન રહેવુ. અશાંતિજનક સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** સમાજીક કામમાં મનને શાંતિ મળે. કુટુંબ પરિવારમાં નવા સભ્યનું આગમન થાય. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** સરકારી નોકરીની તૈયારીમાં હકારાત્મક પ્રગતિ થાય. હીત શત્રુઓથી સાવધાન. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રેમ વિવાહની શક્યતા વધશે. શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** સરકારી યોજનાનો લાભ મળે. નોકરી માટે ઈન્ટરવ્યુમાં હકારાત્મક પરિણામ આવે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય. નોકરી ધંધા માટે નવી તક મળે. ટેકનોલોજીનો લાભ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉધાર લેવા દેવાનું ટાળવું. કોઈની વાતોમાં આવવું નહી. પારિવારીક સમસ્યા સતાવે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. ઈચ્છીત મુલાકાત થાય. નોકરીમાં પ્રભાવ વધે. ઘરના કામ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક વિદેશના કામમાં ગતિ આવે. સમાજ સેવા અને હોસ્પિટલના કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઊચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. આર્થિક પ્રગતિ થાય. પ્રેમમાં સાથ મળે.

### કોઇ પણ સાલમાં 04 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન અને નવી તક મળે. નવી નોકરીની શક્યતા રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. હરીફોથી સાવધાન રહેવુ પડશે. સમાજમાં પણ વિરોધીઓ વધશે. કુટુંબ-પરિવારની અપેક્ષા માટે વધુ પરિશ્રમ કરવો પડશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને નવા ઘર, વાહન, મકાનની યોજના મદ્ય વર્ષમાં પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિથી શાંતિ મળે. વારસા જાયદાત- જમીન જેવા કામમાં મિત્રો વડીલોની મદદ મળે. વધારાની આવક માટેના પ્રયત્નો હકારાત્મક રહેશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની તક મળે. જૂન-જુલાઈમાં આવક વધારવાની યોજના પાર પડશે. નવેમ્બર-ડીસેમ્બરમાં ખર્ચા અને સામાજીક પ્રશ્નો વધશે.

### અનુસંધાન ... પાના પહેલાનું

**દિલ્હીમાં યમુનાનું...**

પરિસ્થિતિ ઊભી થઈ શકે છે, જ્યારે યમુના નદીનું પાણી રિંગ રોડ ઉપરથી વહેવા લાગ્યું અને ત્યાંનો નજારો તળાવ જેવો થઈ ગયો. વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો, યમુના નદીની આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ઘણા ઘરો ત્રણથી ચાર ફૂટ સુધી પાણીમાં ડૂબી ગયા છે. કેટલાક ઘરો એવા પણ છે જે દેખાતા નથી. અત્યાર સુધીમાં, નીચાણવાળા વિસ્તારોમાંથી 10,000 લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને સલામત સ્થળોએ લઈ જવામાં આવ્યા છે. પરંતુ પરિસ્થિતિ વધુ ખરાબ થવાની ધારણા છે યમુના નદીની આરતી સ્થળ વાસુદેવ ઘાટનો વિસ્તાર પૂરના પાણીમાં ડૂબી ગયો છે. અહીંથી લોકો પોતાની જરૂરી ચીજવસ્તુઓ સાથે સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરી ગયા છે. સેન્ટ્રલ ફ્લડ કંટ્રોલ રૂમના એક અધિકારીએ જણાવ્યું હતું કે પાણીના સ્તરમાં વધારો થવાનું મુખ્ય કારણ વઝીરાબાદ અને હાથિનીકુંડ બેરેજમાંથી દર કલાકે મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે .

**નિગમબોધ ઘાટમાં...**

બોધ ઘાટમાં લગભગ એકથી દોઢ ફૂટ પાણી છે, પાણી તે જગ્યાએ પહોંચી ગયું છે જ્યાં મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવામાં આવે છે. આને ધ્યાનમાં રાખીને, નિગમ બોધ ઘાટ સાંજે 6 વાગ્યે બંધ કરી દેવામાં આવ્યો છે. લાલ કિલ્લાની પાછળ રિંગ રોડ પર સ્થિત, નિગમબોધ ઘાટ, જેમાં 42 સ્મશાન પ્લેટફોર્મની ક્ષમતા છે, તે શહેરનું સૌથી જૂનું, સૌથી મોટું અને વ્યસ્ત સ્મશાન સ્થળ છે. સરેરાશ, દરરોજ 55 થી 60 અંતિમ સંસ્કાર થાય છે. પણ વધતા પાણીના સ્તરને કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે

**મરાઠાઓને અનામત...**

જવાના પ્રયાસો નિષ્ફળ જશે કારણ કે જીઆરને પડકારી શકાતો નથી. દરમિયાન એનસીપી નેતા અને મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે બુધવારે કહ્યું કે તેઓ લાયક મરાઠાઓને કુણબી જાતિ પ્રમાણપત્રો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા GR અથવા આદેશ સામે કોર્ટમાં જશે. પીઢ નેતાએ પત્રકારોને જણાવ્યું હતું કે ઓબીસી નેતાઓને જીઆર અંગે શંકા છે કે જરાંગેના આંદોલન પછી કોણ જીત્યું. અમે કાનૂની અભિપ્રાય માંગી રહ્યા છીએ કે શું સરકાર લોકોની જાતિ બદલવા માટે અધિકૃત છે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેઓ પોતે GR સામે કોર્ટનો સંપર્ક કરશે, ત્યારે ભુજબળે હામાં જવાબ આપ્યો. જોકે, બોમ્બે હાઈકોર્ટે કાર્યકર્તા પાસેથી તેમના પાંચ દિવસના આંદોલનનો વિરોધ કરતી અરજીઓમાં લગાવવામાં આવેલા આરોપો પર જવાબ માંગ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે મુંબઈમાં મોટા પાયે મિલકતને નુકસાન થયું છે.

**દિલ્હી ડાયરી...**

વિનંતીને ખૂબ ટેકો આપ્યો હતો. ઘણા લોકો કહે છે કે, મોદીના હસ્તક્ષેપથી કેરળ તેમ જ છત્તીસગઢમાં પક્ષની અંદરના કોઈપણ વિરોધને શાંત કરવામાં આવ્યો હતો.

**પીએમએ અતિથિઓને મોતીચૂરના લાડુ ભેટમાં આપ્યા**

ઇન્ડિયા ગેટ લોન પર સ્થિત નવા કોમન સેન્ટ્રલ સેક્રેટરીએટ બિલ્ડિંગ, કર્તવ્ય ભવનના ઉદ્ઘાટન કાર્યક્રમો, જેની અધ્યક્ષતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હજારો સરકારી અધિકારીઓ અને અન્ય મહેમાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગની ઉજવણી માટે બધાને મીઠાઈઓ ભેટ આપીને સરપ્રાઇઝ આપી. વડા પ્રધાનના પરંપરાગત ભાષણ પછી મહેમાનોને 'મોતીચૂર લાડુ'નો સ્વાદ માણવા મળ્યો હતો.

**મહુઆ મોઇત્રાના લગ્ન રિસેપ્શનમાં બધા પક્ષના નેતાઓ હાજર રહ્યા**

ક્યારેક રાજકીય સીમાઓ ઝાંખી પડી જાય છે અને સંસદના બંને ગૃહોમાં જોવા મળતી કડવાહટ અદૃશ્ય થઈ જાય છે જ્યારે વાત કોઈ સાથી સાંસદ અથવા રાજકીય નેતાના લગ્નની ઉજવણીની આવે છે, ભલે તે હરીફ પક્ષ સાથે સંબંધિત હોય. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઇત્રા અને ભૂતપૂર્વ સાંસદ (કોંગ્રેસ અને બીજુ જનતા દળ) પિનાકી મિશ્રાના તાજેતરનાં લગ્નની ઉજવણી માટે દિલ્હીમાં આયોજિત રિસેપ્શન એક એવો પ્રસંગ બન્યો. સંસદના ઉગ્ર ચોમાસા સત્રની વચ્ચે આયોજિત હોવા છતાં આ પ્રસંગ એક ઉત્કૃષ્ટ સૌહાર્દપૂર્ણ માહોલમાં આયોજિત થયો. સંસદમાં કટ્ટર ટીકાકારો, વિવિધ પક્ષોના રાજનેતાઓ દિલ્હીની એક અગ્રણી હોટલમાં આયોજિત રિસેપ્શનમાં હાજર રહ્યા.



## T20 ત્રિકોણીય સિરીઝ: અફઘાનિસ્તાને પાકિસ્તાનને 18 રને હરાવ્યું

શારજાહ, તા. 3 (એપી): ઈબ્રાહિમ ઝદરાન અને સેદીક્યુલ્લાહ અતલની અડધી સદી બાદ, અફઘાનિસ્તાનના સ્પિનરોએ પાકિસ્તાનના મજબૂત બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કર્યો અને T20 ત્રિકોણીય સિરીઝની મેચ 18 રનથી જીતી લીધી. કેપ્ટન રાશિદ ખાન, મોહમ્મદ નબી અને ડાબોડી સ્પિનર નૂર અહેમદની સ્પિન ત્રિપુટીએ મળીને 6 વિકેટ લીધી અને પાકિસ્તાનને 9 વિકેટે 151 રન પર અટકાવ્યું હતું. અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાનને 170 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જો પાકિસ્તાન 150 રન સુધી પહોંચી શક્યું, તો તેનો શ્રેય દસમા નંબરના બેટ્સમેન હરિસ રઉફને જાય છે, જેણે 16 બોલમાં ચાર છગ્ગાની મદદથી અણનમ 34 રન બનાવ્યા. અગાઉ, ઝદરાન (65) અને અતલે (64) સતત બીજી મેચમાં અડધી સદી ફટકારી હતી. આ બંને વચ્ચે 113 રનની ભાગીદારીની મદદથી, અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતી વખતે પાંચ વિકેટે 169 રન બનાવ્યા. પાકિસ્તાન માટે ફહીમ અશરફે ચાર વિકેટ લીધી.